તકેદારી અધિકારીઓને ખાસ અધિકારી તરીકે નિમણૂંક આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : ટીએપી-૨૦૦૨-૧૦-૮૯૫-ચ
સચિવાલય, ગાંધીનગર
૨૪-૮-૨૦૦૪
તારીખ -૮-૨૦૦૪

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારના તા.૧૬-૫-૦૨ ના પ.નં. ૧૧૦૧૨/૨/૨૦૦૨/પીસીઆર/ (ડીઈએસકે)
(૨) કમિશનરશ્રી, આ.વિ.ના તા.૬-૬-૦૩ ના પ.ક્ર. આવિ/સેલ/૨૧૯૫/૨૦૦૩-૦૪/૭૨૫ અને તા. ૩૦-૭-૦૩ ના પ.નં. આવિ/સેલ/૨૧૯૫/૦૩.૦૪/૧૨૦૩

પ્રસ્તાવના :-

અનુ. જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની કલમ-૨૩( ૧) થી મળેલ સત્તાની રૂએ કેન્દ્ર સરકારે તેમના તા. ૩૧-૩-૯૫ ના જાહેરનામાથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ ના નિયમ-૧૦ અન્વયે અત્યાચાર અધિનિયમ-૧૯૮૯ ના અસરકારક અમલ માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય એવા ખાસ અધિકારીની નિમણૂંક કરવાની જોગવાઈ કરેલ છે. ભારત સરકારના ઉપર-(૧) માં વંચાણે લીધેલા પત્ર અન્વયે આ જોગવાઈમાંની વિગતો ધ્યાને લઈને કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરના તા. ૬-૬-૦૩ અને તા. ૩૦-૭-૦૩ ના પત્રોથી આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના તકેદારી અધિકારીઓને ખાસ અધિકારી તરીકે નિમવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે અનુ. જનજાતિ પર થતા અત્યાચાર સંબંધમાં જે તે જિલ્લામાં જિલ્લા કક્ષાએ હાલમાં તકેદારી અધિકારી (વર્ગ-૧, આદિજાતિ વિકાસ) તરીકે ફરજો બજાવતા આ સાથેના સામેલ પત્રકમાં જણાવ્યા મુજબના તકેદારી અધિકારીઓને તેમના હસ્તકના જિલ્લા / જિલ્લાઓ માટે ખાસ અધિકારી તરીકે આથી નિમણૂંક આપવાનું ઠરાવેલ છે.

૨. વધુમાં ડાંગ-આહવા અને કચ્છ-ભૂજ, આ બે જિલ્લાઓમાં સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) ના સંવર્ગની જગ્યા આ કામગીરી માટે મંજૂર થયેલ છે. પરંતુ ઉક્ત નિયમ-૧૦ અન્વયે વર્ગ-૧ થી નીચેના દરજ્જાના ન હોય તેવા વર્ગ-૧ ના અધિકારીની ખાસ અધિકારી તરીકે નિમણૂંક કરવાની થતી હોઈ, અનુક્રમે આહવા-ડાંગ માટે તકેદારી અધિકારી આદિજાતિ

વિકાસ) વલસાડને તથા કચ્છ-ભૂજ માટે તકેદારી અધિકારી, (આદિજાતિ વિકાસ) રાજકોટને ખાસ અધિકારી તરીકે આથી નિમણૂંક આપવામાં આવે છે.

ઉકત તકેદારી અધિકારીઓએ ખાસ અધિકારી તરીકે અનુ.જાતિ/જનજાતિના (અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫ ની કલમ-૧૦ માં દર્શાવવામાં આવેલ બાબતો અંગેની સઘળી કામગીરી બજાવવાની રહેશે અને તે બાબતો માટે તેઓશ્રી જવાબદાર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.રામી)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

બિડાણ :- ઉપર મુજબ.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

સર્વ મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી

સચિવાલયના સર્વ વિભાગો

નિયામકશ્રી, સા.ન્યા. અને અધિ. મંત્રાલય, શાસ્ત્રી ભવન, ન્યૂ દિલ્હી, ૧૧૦૦૦૧

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર તરફ સર્વ સંબંધિતોને જાણ કરવા તથા જરુરી કાર્યવાહી અર્થે.